R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/31-12-2023. Licensed to post without pre-payment Licence No. PMG/NG/062/2021-2023 to Post at MBC-Sector-16, PO Gandhinagar on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ - ૪૩ ● તા. ૧૪ એપ્રિલ, ૨૦૨૧ ● અંક નં. ૧૦

ગુજરાત

# રોજગાર સમાચાર

તંત્રી : અશોક કાલરીયા

સહતંત્રી : અરવિંદ આર. પટેલ ● કાર્યવાહક સંપાદક : પુલક ત્રિવેદી ● સંપાદક : જગદીશ આચાર્ય

'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ ₹ ૩૦/- છે. માહિતી નિયામકની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦ ઉપરાંત રાજ્યની કોઈપણ કોમ્પ્યૂટરાઈઝ પોસ્ટઓફિસમાં (સર્વિસ ચાર્જ સાથે) તથા જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ લવાજમ સ્વીકારવામાં આવે છે. લવાજમ ઉઘરાવવા માટે આ કચેરીએ કોઈ અધિકૃત એજન્ટની નિમણૂક કરી નથી.

વેબસાઈટ : www.gujaratinformation.gujarat.gov.in www.facebook.com/gujaratinformation.official Phone No. : 079-232-53440

વેબસાઈટ : www.gujaratinformation.gujarat.gov.in ઉપરથી ગુજરાત રોજગાર સમાચારનો અંક નિ:શુલ્ક ડાઉનલોડ કરી શકાશે.

## જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની ભરતી

### ધો-૧ થી ૫ અને ધો-૬ થી ૮ અન્ય માધ્યમ (અંગ્રેજી, હિન્દી, મરાઠી, ઉર્દુ, ઉડીયા)

ભરતી અંગેનું ઓનલાઇન અરજી પત્રક વેબસાઇટ http://vsb.dpegujarat.in ઉપર તા.૦૬/૦૪/૨૦૨૧ સવારના ૧૧:૦૦ કલાકથી તા.૧૯/૦૪/૨૦૨૧ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાક સુધી ભરી શકાશે. સ્વીકાર કેન્દ્રમાં અરજીપત્ર જમા કરાવવાની છેલ્લી તા.૧૯/૦૪/૨૦૨૧ (૧૭.૦૦ કલાક સુધી) છે.

- જાહેરાતની જગ્યાઓની વિગત

| જાહેરાત ક્રમ | ભરતી નો પ્રકાર | માધ્યમ | વિષય | સામાન્ય (Gen.) | અ.જાતિ (SC) | અ.જ.જાતિ (ST) | સા.શૈ.પ.વર્ગ (SEBC) | આર્થિક રીતે નબળા વર્ગ (EWS) | કુલ | કુલ પૈકી ૩ % મુજબ શારીરિક અશક્તતા ધરાવતા (PH) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦૧ ૨૦૨૧ | ધોરણ ૬ થી ૮ | અન્ય માધ્યમ | ગણિત વિજ્ઞાન | ૬ | ૧૦ | ૧૦૧ | ૧૫ | ૧૩ | ૧૪૫ | ૪ |
| | | | ભાષાઓ | ૬ | ૪ | ૩૨ | ૬ | ૫ | ૫૩ | ૧ |
| | | | સામાજિક વિજ્ઞાન | ૧ | ૦ | ૧૦ | ૩ | ૩ | ૧૭ | ૦ |
| ૦૨ ૨૦૨૧ | ધોરણ ૧ થી ૫ | અન્ય માધ્યમ | - | ૪૨ | ૪૧ | ૨૧૩ | ૪૯ | ૪૦ | ૩૮૫ | ૯ |

નોંધ:

(૧) જાહેરાતમાં દર્શાવેલ અનામત વર્ગ અને શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોની જગ્યાઓ જે તે જિલ્લા/નગર શિક્ષણ સમિતિના રોસ્ટર ક્રમાંક/માંગણાપત્રક આધારે દર્શાવેલ છે.

(૨) સ્પે.સિ.એ.નં.૯૭૪૩/૨૦૧૮ ઉપર નામ. વડી અદાલત દ્વારા તા.૨૦/૦૭/૨૦૧૮ અને તા.૧૮/૯/૨૦૧૮ના રોજ આપેલ મનાઈ હુકમના સંદર્ભમાં ઉર્દુ માધ્યમમાં ભાષાની જગ્યાઓ દર્શાવવામાં નથી.

(૩) તા.૩૧/૦૩/૨૦૨૧ ના રોજ ગુજરાત સમાચારમાં પ્રસિધ્ધ થયેલ જાહેરાતમાં શરતચૂકથી ઠરાવની તા.૨૭/૦૪/૨૦૨૧ છપાયેલ છે તેને બદલે તા.૨૭/૦૪/૨૦૧૧ સુધારીને વાંચવું

## શૈક્ષણિક લાયકાત:

❖ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૧૦-૨૨૩-ક, તા.૨૭/૦૪/૨૦૧૧ ના ઠરાવ તથા તે પછીના તા.૧૪/૦૭/૨૦૧૧, તા.૦૩/૦૫/૨૦૧૨ તથા તા.૧૮/૦૫/૨૦૧૨ ના સુધારા ઠરાવો અન્વયે વિદ્યાસહાયકની લાયકાતો નીચે મુજબ છે.

### ❖ ઉચ્ચ પ્રાથમિક (ધોરણ ૬ થી ૮) વિદ્યાસહાયક:

(અ) ગણિત/વિજ્ઞાનના વિદ્યાસહાયક:

{1} શૈક્ષણિક લાયકાત:- બી.એસસી. (ગણિત, આંકડાશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, બાયોલોજી, બોટની, ઝુઓલોજી, ભૂસ્તરશાસ્ત્ર) અને

તાલીમી લાયકાત:- પી.ટી.સી./D.EL.Ed (બે વર્ષ)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણ સાથે બી.એસસી. (ગણિત, આંકડાશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, બાયોલોજી, બોટની, ઝુઓલોજી, ભૂસ્તરશાસ્ત્ર) અને

તાલીમી લાયકાત:- બી.એડ.(એક/બે વર્ષ)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ધોરણ-૧૨ (એચ.એસ.સી) વિજ્ઞાન પ્રવાહમાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને

તાલીમી લાયકાત:- ચાર વર્ષીય બેચલર ઈન એલીમેન્ટરી એજ્યુકેશન (B.El.Ed)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ધોરણ-૧૨ (એચ.એસ.સી) વિજ્ઞાન પ્રવાહમાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને

તાલીમી લાયકાત:- ચાર વર્ષીય બી.એસસી એજ્યુકેશન. (B.Sc.Ed)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે બી.એસસી. (ગણિત, આંકડાશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, બાયોલોજી, બોટની, ઝુઓલોજી, ભૂસ્તરશાસ્ત્ર) અને

તાલીમી લાયકાત:- એક વર્ષીય બી.એડ.(સ્પેશીયલ એજ્યુકેશન)

તથા

(૨) આ વર્ગ માટે નિયત થયેલ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૧૨-સીંગલ ફાઈલ- ૭-ક તા.૨૬/૦૪/૨૦૧૨ ની જોગવાઈ મુજબ શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજીબીલીટી ટેસ્ટ-TET-II - ગણિત/વિજ્ઞાન) ૬૦ ટકા ગુણ સાથે અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પછાત વર્ગ તથા વિકલાંગના કિસ્સામાં ૫૫ ટકા ગુણ સાથે પાસ કરેલી હોવી જોઈશે.

(બ) ભાષાઓના વિદ્યાસહાયક:

{1} શૈક્ષણિક લાયકાત:- બી.એ./બી.આર.એસ./બી.એસ.એસસી (અંગ્રેજી,ગુજરાતી, હિન્દી,સંસ્કૃત) અને

તાલીમી લાયકાત:- પી.ટી.સી./D.EL.Ed (બે વર્ષ)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણ સાથે બી.એ. અને

તાલીમી લાયકાત:- બી.એડ.(એક/બે વર્ષ)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ધોરણ-૧૨ (એચ.એસ.સી) ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને

તાલીમી લાયકાત:- ચાર વર્ષીય બેચલર ઈન એલીમેન્ટરી એજ્યુકેશન (B.El.Ed)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ધોરણ-૧૨ (એચ.એસ.સી) ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને

તાલીમી લાયકાત:- ચાર વર્ષીય બી.એ. (અંગ્રેજી,ગુજરાતી,હિન્દી,સંસ્કૃત) એજ્યુકેશન. (B.A.Ed)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે બી.એ./બી.આર.એસ./બી.એસ.એસસી (અંગ્રેજી,ગુજરાતી,હિન્દી,સંસ્કૃત) અને

તાલીમી લાયકાત:- એક વર્ષીય બી.એડ.(સ્પેશીયલ એજ્યુકેશન)

(૨) આ વર્ગ માટે નિયત થયેલ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૧૨-સીંગલ ફાઈલ- ૭-ક તા.૨૬/૦૪/૨૦૧૨ ની જોગવાઈ મુજબ શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજીબીલીટી ટેસ્ટ-TET-II - ભાષાઓ) ૬૦ ટકા ગુણ સાથે અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પછાત વર્ગ તથા વિકલાંગના કિસ્સામાં ૫૫ ટકા ગુણ સાથે પાસ કરેલી હોવી જોઈશે.

(ક) સામાજિક વિજ્ઞાનના વિદ્યાસહાયક:

{1} શૈક્ષણિક લાયકાત:-બી.એ (ઈતિહાસ,ભૂગોળ,નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી.કોમ.(અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી.આર.એસ.( ઈતિહાસ,ભૂગોળ,નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી.એસ.એસસી.(ઈતિહાસ,ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) અને

➔

(૨) આ વર્ગ માટે નિયત થયેલ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઇ-૧૧૨-સીંગલ ફાઇલ- ૭-ક તા.૨૬/૦૪/૨૦૧૨ ની જોગવાઇ મુજબ શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજીબીલીટી ટેસ્ટ-TET-II - ભાષાઓ) ૬૦ ટકા ગુણ સાથે અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પછાત વર્ગ તથા વિકલાંગના કિસ્સામાં ૫૫ ટકા ગુણ સાથે પાસ કરેલી હોવી જોઇશે.

<u>(ક) સામાજિક વિજ્ઞાનના વિદ્યાસહાયક:</u>

{1} શૈક્ષણિક લાયકાત:-બી.એ (ઈતિહાસ,ભૂગોળ,નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી.કોમ.(અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી.આર.એસ.( ઈતિહાસ,ભૂગોળ,નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી.એસ.એસસી.(ઈતિહાસ,ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) અને

તાલીમી લાયકાત:- પી.ટી.સી./D.EL.Ed (બે વર્ષ)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણ સાથે બી.એ (ઈતિહાસ,ભૂગોળ,નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી.કોમ.(અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી.આર.એસ.( ઈતિહાસ,ભૂગોળ,નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી.એસ.એસસી.(ઈતિહાસ,ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) અને

તાલીમી લાયકાત:- બી.એડ.(એક/બે વર્ષ)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ધોરણ-૧૨ (એચ.એસ.સી) ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને

તાલીમી લાયકાત:- ચાર વર્ષીય બેચલર ઈન એલીમેન્ટરી એજ્યુકેશન (B.El.Ed)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ધોરણ-૧૨ (એચ.એસ.સી) ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને

તાલીમી લાયકાત:- ચાર વર્ષીય બી.એ.(ઈતિહાસ,ભૂગોળ,નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) /બી.કોમ.(અર્થશાસ્ત્ર વિષય સાથે) /બી.આર.એસ.(ઈતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) /બી.એસ.એસસી.(ઈતિહાસ,ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) એજ્યુકેશન. (B.A.Ed/B.Com.Ed/B.R.S.Ed/B.S.Sc.Ed)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે બી.એ.(ઈતિહાસ,ભૂગોળ,નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) /બી.કોમ.(અર્થશાસ્ત્ર વિષય સાથે) /બી.આર.એસ.(ઈતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) /બી.એસ.એસસી.(ઈતિહાસ,ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) અને

તાલીમી લાયકાત:- એક વર્ષીય બી.એડ.(સ્પેશીયલ એજ્યુકેશન)

તથા

- માજી.સૈનિક ઉમેદવારો કે જેઓએ જળ,વાયુ અને ભૂમિ આર્મ ફોર્સીસમાં ઓછામાં ઓછા ૬ માસની સેવા કરી હોય અને માજી.સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખપત્ર/પ્રમાણપત્ર ધરાવતા હોય તો મળવાપાત્ર ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ૩ (ત્રણ) વર્ષ સુધીની છુટછાટ મળશે.
- નોંધ:- તમામ કેટેગરીના ઉમેદવારોની ઉપલી વયમર્યાદા નિયમ અનુસાર મળવાપાત્ર છુટછાટ સાથેની ઉંમર કોઈપણ સંજોગેમાં નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઇએ નહી.

## <u>ઉમેદવારોએ અરજીપત્ર ભરતાં ધ્યાનમાં લેવાની વિગતો અને સુચનાઓ</u>

{1} ઉમેદવારોએ નીચે આપેલા સુચનોનો કાળજીપૂર્વક અભ્યાસ કરી ઉમેદવારી પત્ર ભરવું.

{2} સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાની ડીગ્રી યુ.જી.સી. માન્ય યુનિવર્સિટીમાંથી મેળવેલ હોવી જોઇશે.

{3} પી.ટી.સી./D.El.Ed ની લાયકાત ધરાવતા ઉમેદવારોએ રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાયેલી પી.ટી.સી./D.El.Edની પરીક્ષા પાસ કરેલી હોવી જોઇશે.

{4} ઉમેદવારે પી.ટી.સી./D.El.Ed/બી.એડ./ચાર વર્ષીય B.El.Ed. ની પરીક્ષા નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજ્યુકેશન દ્વારા માન્ય સંસ્થામાંથી જ પાસ કરેલી હોવી જોઇએ.

{5} રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા D.El.Ed.ની લાયકાતવાળા ઉમેદવારોએ પ્રાપ્ત ગુણ તરીકે 'marks for merit' ગણતરીમાં લેવાના રહેશે. એટલે કે ૫૦૦+૧૦૦=૬૦૦ માંથી મેળવેલ ગુણ ગણવાના રહેશે.

{6} બે વર્ષીય D.Ed (સ્પેશીયલ એજ્યુકેશન) અને B.Ed (સ્પેશીયલ એજ્યુકેશન) Rehabilitation Council of India (RCI) માન્ય સંસ્થામાંથી પાસ કરેલ હોવી જોઇશે.

{7} આ નિમણૂંકો રાજ્ય સરકાર દ્વારા નામદાર સુપ્રિમકોર્ટમાં દાખલ કરેલ એસ.એલ.પી.નં.૧૮૧૩૬/૨૦૧૩ અને ૧૪૧૨૪-૧૪૧૨૫/૨૦૧૨ ના આખરી ચુકાદાને આધિન રહેશે

{8} મેરીટમાં આવતાં ઉમેદવારોના કોલ લેટર <u>http://vsb.dpegujarat.in</u> પરથી ઓનલાઇન જ ઉપરથી મેળવવાના રહેશે. અન્ય કોઇ રીતે કોલલેટર મોકલવામાં આવશે નહીં. તેમજ ઉમેદવારે કોલ-લેટરમાં દર્શાવેલ તારીખે જ જિલ્લા/નગર પસંદગી આપવામાં આવશે. કોઇપણ સંજોગોમાં તે પછીની તારીખે પસંદગીની તક આપવામાં આવશે નહી

{9} ઉમેદવારે જો ટેટની પરીક્ષા એક કરતા વધુ વખત આપેલ હોય તો ઉમેદવાર ટેટ (શિક્ષક અભિયોગ્યતા કસોટી) ની જે માર્કશીટ રજૂ કરશે તે જ માન્ય રાખવામાં આવશે.

{10} અરજી ફોર્મ સાથે શૈક્ષણિક અને તાલીમી લાયકાતના તમામ વર્ષ/સેમેસ્ટરના ગુણપત્રકો, ડીગ્રી પ્રમાણપત્ર, ટ્રાયલ સર્ટીની એક-એક પ્રામાણિત નકલ તથા અન્ય જરૂરી પ્રમાણપત્રોની એક-એક પ્રામાણિત નકલ સામેલ કરવાની રહેશે.વધુમાં, સ્વીકાર કેન્દ્ર ઉપર અરજી જમા કરાવતી વખતે જેની પ્રામાણિત નકલો અરજી સાથે રજૂ કરી છે તેના અસલ પ્રમાણપત્રો ખરાઇ કરવા માટે ફરજિયાતપણે રજૂ કરવાના રહેશે. અન્યથા અરજી સ્વીકારવામાં આવશે નહી.

{11} જે પરીક્ષા એક કરતાં વધુ પ્રયત્ને પાસ કરેલ હોય તો તમામ પ્રયત્નોના ગુણપત્રકની પ્રામાણિત નકલો અવશ્ય સામેલ રાખવાની રહેશે.

{12} અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક નબળા વર્ગના ઉમેદવારોએ અનામતનો લાભ મેળવવા માટે ગુજરાત સરકારના અધિકૃત અધિકારીનું જાતિ વિષયક પ્રમાણપત્ર માન્ય ગણાશે. આવા ઉમેદવારોને સબંધિત અનામત કક્ષાની જગ્યાઓ માટે ઠરાવની જોગવાઇ મુજબ ગુણ અને ઉંમરમાં છુટછાટ મળવાપાત્ર રહેશે.

{13} મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેના સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અવશ્ય સામેલ રાખવાની રહેશે.

**{14} સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગે(નોન ક્રિમેલીયર સર્ટી)**

**a.** સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું (નોન ક્રિમેલીયર સર્ટી) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ મુજબ નિયત થયેલ પરિશિષ્ટ ક/પરિશિષ્ટ ૪ ના નમૂનામાં રજૂ કરવાનું રહેશે.

**b.** પરણિત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેમના માતા પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. પતિની આવકના સંદર્ભમાં રજૂ કરેલ હશે તો તે માન્ય ગણાશે નહિ

**c.** તા.૨૬/૦૪/૨૦૧૬ના ઠરાવ મુજબ ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેની મહત્તમ અવધિ ઈસ્યુ થયાના વર્ષ સહિત ત્રણ નાણાંકીય વર્ષ રહેશે. પરંતુ આવું પ્રમાણપત્ર ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવું જોઇએ.

**d.** અંગ્રેજીમાં રજૂ કરેલ પ્રમાણપત્ર ગ્રાહ્ય રહેશે નહિ

{15} **આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર (E.W.S.)**

**a.** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ના ઠરાવમાં દર્શાવ્ય મુજબ પરિશિષ્ટ – ગ ના નમૂનામાં રજૂ થયેલ હોવું જોઇએ.

**b.** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩/૦૯/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:ઈડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ મુજબ પ્રમાણપત્રની અવધિ ત્રણ નાણાંકીય વર્ષ સુધીની છે. આ મુજબ ફોર્મ ભરવાની છેલ્લી તારીખે (કટ-ઓફ-ડેટ) પ્રમાણપત્રની અવધિ જળવાતી હોવી જોઇએ.

## ઉમેદવારો માટે સામાન્ય સુચનાઓ

(1) ઉમેદવારે ખોટી માહિતી રજૂ કરેલ હશે તો ઉમેદવારનું ફોર્મ આપોઆપ રદ થશે.

(2) વિદ્યાસહાયક ભરતી સંબંધી તમામ સુચનાઓ/વિગતો વખતો-વખત વેબસાઇટ પરથી જોવા મળી શકશે. ઉમેદવારોએ વિદ્યાસહાયક ભરતી અંગેની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સતત વેબસાઇટ જોતા રહેવું.

(3) અરજી પત્રકમાં તમારો મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો.અને તે નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો જરૂરી છે.

(4) ઉમેદવારે તેમના અરજી પત્રકમાં તેમનું ઇ-મેઇલ એડ્રેસ દર્શાવવાનું રહેશે. જેથી અનિવાર્ય સંજોગોમાં જરૂર પડ્યે ઉમેદવારને માહિતી/સુચના મોકલી શકાય.ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી ઇ-મેઇલ જોતા રહેવું.

(5) ઉમેદવાર પોતે આખરી પસંદગીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહી.

(6) વિદ્યાસહાયક ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવારની નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતો ને આધિન રહેશે.

(7) વિદ્યાસહાયક ભરતીની પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાત કોઇપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની કે જગ્યાઓની સંખ્યામાં વધ-ઘટ કરવાની આવશ્યકતા જણાશે તો તેમ કરવાનો ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ/પ્રાથમિક શિક્ષણ નિયામકને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે.

(8) શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તથા અન્ય પ્રમાણપત્રો માટે અરજીપત્ર જમા કરાવવાની છેલ્લી તા.૧૯/૦૪/૨૦૨૧ (CUT-OFF DATE) રહેશે. આ CUT –OFF DATE બાદ મેળવેલ કોઇપણ પ્રમાણપત્રો, શૈક્ષણિક લાયકાત ધ્યાને લેવામાં આવશે નહી.

(9) જાહેરાતમાં આપેલ સુચનાઓ/માર્ગદર્શન બાબતે વિવાદ અંગે ઠરાવની જોગવાઇ મુજબનું અર્થઘટન માન્ય ગણાશે.

(10) ઉમેદવારે ફી ભરી જિલ્લા સ્વીકાર કેન્દ્રમાં જમા કરાવેલ અરજીપત્રની ઝેરોક્ષ નકલ અને ફી ભર્યાની પાવતી પોતાની પાસે સાચવી રાખવાની રહેશે.

(11) ભરેલ ફી કોઇપણ સંજોગોમાં પરત આપવામાં આવશે નહિ.

(12) પ્રોવિઝનલ/ફાઇનલ મેરીટ પ્રસિધ્ધ કરવામાં આવે ત્યારે ઉમેદવારે પોતાનું મેરીટ જોઇ તેની એક પ્રિન્ટ કાઢી લેવાની રહેશે.

(13) ભરતી સંદર્ભે અથવા મેરીટ સંદર્ભે કોઇ પણ રજૂઆત કરવાની થાય ત્યારે રજૂઆત સાથે અરજીપત્રની નકલ, ફી ભર્યાની પાવતીની નકલ તથા ઉમેદવારનો મેરીટ નંબર અને મેરીટની નકલ અવશ્ય સામેલ કરવાની રહેશે.

(14) ભરતી સબંધિત જરૂરી ઠરાવો, માહિતી અને સુચનાઓ વેબસાઇટ ઉપર જોવા મળશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ ઠરાવો અને નિયમોનો પુરેપુરો અભ્યાસ કરી ઉમેદવારી પત્રક ભરવાનું રહેશે.જે અંગે પાછળથી કોઇ રજૂઆતને ધ્યાને લેવામાં આવશે નહિ.

# જામનગર મહાનગરપાલિકા : સેક્રેટરીની સીધી ભરતીની જાહેરાત

જામનગર મહાનગરપાલિકા ખાતે સેક્રેટરીની મંજુર થયેલ ખાલી જગા સીધી ભરતીથી ભરવા માટે ઓનલાઈન અરજી કરવાની છે.

ગુજરાત સરકારના પંચાયત નિર્માણ અને શહેરી વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : જમન/૮૨૮૨/૧૦૨૬/૨/ પી,તા.૧૩/૧૦/૧૯૮૨ થી સેક્રેટરી જગાના મંજુર થયેલ પગાર ધોરણ અને સરકારશ્રીના શ.વિ. અને શ.ગૃ. નિ. વિભાગના ઠરાવ ક્રમાંક : જમન/૮૦૯૩/૨૧૨૯/ પી, તા.૦૩/૦૧/૧૯૯૪ અને શ.વિ. અને શ.ગૃ.નિ. વિભાગના ઠરાવ ક્રમાંક: જમન/૧૦૨૦૦૪/૫૫૪૬/ પી, તા.૨૯/૦૧/૨૦૦૫ થી મંજુર થયેલ સેક્રેટરીની જગા ના લાયકાત ના ધોરણ મુજબ આ જગા ભરવા માટે યોગ્ય ઉમેદવાર પસંદ કરવા માટે ઓનલાઈન અરજી પત્રકો માંગવામાં આવે છે.

આ માટે ઉમેદવારોએ **https://ojas.gujarat.gov.in વેબસાઈટ પર તા:૦૯/૦૪/૨૦૨૧ ના રોજ (બપોરના ૧૩:૦૦ કલાક) થી તા:૨૯/૦૪/૨૦૨૧ (સમય રાત્રીના ૨૩:૫૯ કલાક સુધીમાં) દરમ્યાન અરજી કરવાની રહેશે.**

| ક્રમ | જગ્યાનું નામ | પગાર ધોરણ | માસિક પગાર | જગ્યા ની સંખ્યા | વય મર્યાદા (નિર્દેશ કર્યા મુજબ) | પસંદગીની પદ્ધતિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | સેક્રેટરી | ૯૩૦૦ -૩૪૮૦૦ (૫૪૦૦) સાતમાં પગાર પંચ મુજબ પે મેટ્રીક્સ L-૯ ૫૩૧૦૦-૧૬૭૮૦૦ | - | ૧ | ૪૫ વર્ષ | સ્પર્ધાત્મક પરીક્ષા તથા ઈન્ટરવ્યુ |

**કેટેગરી વાઈઝ જગ્યા**

| બિન અનામત | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ. પ. વર્ગ | આર્થિક નબળા વર્ગ | માજી સૈનિક અનામત (કોલમ ન. ૫ની કુલ જગ્યા પૈકી) | વિકલાંગ અનામત (કોલમ ન. ૫ની કુલ જગ્યા પૈકી) |
|---|---|---|---|---|---|---|
| ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

**નોધ :-**

(૧) આ નિમણુંક માટે લાયકાત ના ધોરણો ગુજરાત સરકારશ્રીના શ.વિ. અને શ.ગૃ.નિ. વિભાગના ઠરાવ ક્રમાંક : જમન/૧૦૨૦૦૪/૫૫૪૬/ પી,તા.૨૯/૦૧/૨૦૦૫ મુજબના રહેશે.

(૨) આ જાહેરાત સંદર્ભે કોઈ પણ પ્રકારની પૂછ પરછ માટે સામાન્ય વહીવટ વિભાગ, બીજો માળ, લાલ બંગલો જ્યુબીલી ગાર્ડન પાસે, જામનગર મહાનગરપાલિકા ખાતે રૂબરૂ અથવા લેન્ડલાઈન ફોન નંબર ૦૨૮૮ ૨૫૫૦૨૩૧ થી ૨૩૫ અને એક્ષ્ટેન્સન નં. ૨૦૫ અને ૨૦૭ ઉપર ઓફીસ સમય દરમ્યાન સવારે ૧૧-૦ થી બપોરના ૧-૦૦ સુધી અને બપોરના ૦૩-૦૦ થી સાંજે ૦૫-૦૦ સુધી સંપર્ક કરી શકાશે.

(૩) શૈક્ષણિક લાયકાત તથા અનુભવ :

| ક્રમ | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત તથા અનુભવ |
|---|---|---|
| ૧ | સેક્રેટરી | માન્ય. યુનિવર્સિટીના લો-ગ્રેજ્યુએટ અને ૫વર્ષનો અનુભવ અને ચાર્ટડ સેક્રેટરીનો (કંપની સેક્રેટરી) કોર્ષ કરેલ હોય તેને અગ્રીમતા.(સીધી ભરતી) |

● **વયમર્યાદા :**

(a) ઉમેદવારની વય ૨૧ વર્ષથી ઓછી હોવી જોઈએ નહી અને વધુ માં વધુ ૪૫ વર્ષ થી વધુ ન હોવી જોઈએ.

(b) જામનગર મહાનગરપાલિકાના કાયમી કર્મચારીઓ અરજી કરે તો તેમના કિસ્સામાં વયમર્યાદા ના નિયમો લાગુ પડશે નહિ.

(c) ઉમેદવારોને વયમર્યાદામાં ઉમર નિયત તારીખે કોઈપણ સંજોગોમાં ઉમર ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહી.

(d) વયમર્યાદા માટે નિર્ધારીત તારીખ :-
તમામ ઉમેદવારના કિસ્સામાં વયમર્યાદા માટે અરજી કરવાની અંતિમ તારીખને ધ્યાનમાં લેવામાં આવશે વયમર્યાદા સબંધમાં અરજી કરવાની અંતિમ તારીખ CUT OFF DATE ગણવાની રહેશે.

● **અજમાયશી સમયગાળો :-**

આ જગાના કિસ્સામાં ૨(બે) વર્ષ નો સમયગાળો અજમાયશી તરીકે રહેશે અને ત્યારબાદ કામગીરી સંતોષકારક જણાયે તથા નિયત લાયકાત પરીક્ષા પૂર્ણ કરેથી અજમાયશી સમયગાળા બાદ રેગ્યુલર પગાર ધોરણમાં નિમણુક આપવામાં આવશે.

● **અરજી કરવાની રીત :-**

આ જાહેરાતના સંદર્ભમાં માત્ર ઓન લાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવ્યા **તા:૦૯/૦૪/૨૦૨૧ (બપોરના ૧૩:૦૦ કલાક) થી તા:૨૯/૦૪/૨૦૨૧ (સમય રાત્રીના ૨૩:૫૯ કલાક સુધી) દરમિયાન https://ojas.gujarat.gov.in પર અરજી પત્રક ભરી શકાશે** ઉમેદવારે (૧) સૌ પ્રથમ https://ojas.gujarat.gov.in પર જવું. હવે (૨) "Apply Online" Click કરવું. (૩) પસંદગીની જગ્યા પર Click કરવાથી જગ્યાની વિગતો મળશે. (૪) તેની નીચે "Apply Now" પર Click કરવાથી Application Format ખુલશે જેમાં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. અહી લાલ ફુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે. (૫) "Personal Details" ભરાયા બાદ "Educational Details" ભરવા માટે "Educational Qualifications" પર Click કરવું. (૬) તેની નીચે "Self Declaration" પર Click કરવું. ત્યાર બાદ (૭) ઉપરની શરતો સ્વીકારવા માટે "Yes" પર Click કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઈ ગયેલ છે. (૮) હવે "Save" પર Click કરવાથી તમારી અરજી ઓનલાઈન સ્વીકાર થશે. (૯) અરજી કર્યા બાદ ઉમેદવારનો "Application Number" Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે. (૧૦) હવે "Upload Photograph" પર Click કરો. અહી તમારો "Application Number" ટાઈપ કરો અને તમારી Birth date type કરો, ત્યાર બાદ OK પર Click કરવું. અહી Photo અને Signature Upload કરવાના છે. (Photo નું માપ ૫ સે.મી. ઉંચાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને Signature નું માપ ૨.૫ સે.મી. લંબાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી) (Photo અને Signature Upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature jpg Format માં(૧૫ કે.બી.) સાઈઝથી વધારે નહિ તે રીતે સ્કેન કરી કોમ્પ્યુટરમાં સેવ કરેલા હોવા જોઈએ.) "Browse" Button ની બાજુમાં "Upload" Button પર Click કરો. હવે Choose file ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં .jpg Format માં તમારો Photo store થયેલ છે, તે ફાઈલને Select કરો અને "Open Button" ને Click કરો. હવે "Browse" Button ની બાજુમાં "Upload" Button પર Click કરો. હવે તમારો Photo દેખાશે. હવે આજ રીતે Singnature પર Upload કરવાની રહેશે. (૧૧) હવે પેઈજના ઉપરના ભાગમાં "Confirm Application" તથા Birthdate type કર્યાબાદ OK પર click કરવાથી ૨ બટન (૧) OK (૨) Confirm Application દેખાશે. તે કન્ફર્મ કર્યા પછી કોઈપણ પ્રકારનો સુધારો શક્ય બનશે નહી. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm Application પર click કરવું. તેથી ઉમેદવારની અરજીનો ઓનલાઈન સ્વીકાર થઈ જશે. અહી Confirm number generate થશે. જે હવે પછીનો બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. (૧૨) હવે Print Application પર Click કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવી. (૧૩) અરજી કન્ફર્મ થઈ ગયા બાદ આગળના ફકરા ૧૦ માં આપેલ સૂચનાઓ અનુસાર ફી ઓનલાઈન જમા કરાવવી. (મહિલા ઉમેદવાર, અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, એકસ સર્વિસમેન, શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો માટે પરીક્ષા ફી ૫૦% એટલે કે રૂ.૧૫૦/-ભરવાની રહેશે.) અરજી કન્ફર્મ કર્યાબાદ online ફી ન ભરનાર ઉમેદવારની ઉમેદવારી રદ ગણાશે.

● **સામાન્ય શરતો :-**

(A) જાહેરાત બાદ જગા ભરવી કે ન ભરવી તે બાબતે કમિશ્નરશ્રી, જામનગર મહાનગરપાલિકાનો નિર્ણય આખરી ગણાશે.

(B) કોઈ પણ ઉમેદવાર જો આ સંવર્ગ માટે એક થી વધુ અરજી કરશે તો તેમની અરજી રદ કરવા અંગે નિર્ણય કરવાની સત્તા જામનગર મહાનગરપાલિકાની રહેશે.

(C) મહિલા ઉમેદવારોને નિયમોનુસાર વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર થશે. બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે.

(D) આ જાહેરાત માટે જો જગા અનામત તરીકે જાહેર કરવામાં ન આવી હોય તેમ છતાં સંબંધિત અનામત કક્ષાના ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ વયમર્યાદા સહીતની અન્ય તમામ લાયકાતો સંતોષતા હોય તો તેવા ઉમેદવારો પણ આ જગ્યા માટે ઉમેદવારી નોંધાવી શકશે.

(E) વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણભાગીદારી) ધારો, ૧૯૯૫ હેઠળ ફી ના લાભ મેળવવા વિકલાંગતાની ઓછામાં ઓછી માત્રા ૪૦% નક્કી કરવામાં આવી છે. આથી ૪૦% કે તેથી વધુ માત્રામાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિને ફી નો લાભ મળવાપાત્ર થશે. વધુમાં વધુ ૭૫% વિકલાંગતા માન્ય રહેશે. શારીરિક ક્ષતિને નીચે મુજબની કેટેગરીમાં વહેંચવામાં આવે છે.

(ક) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ (Blindess or Low Vision)
(ખ) શ્રવણની ખામી (Hearing Impairment)
(ગ) હલનચલન વિકલાંગતા અથવા મગજનો લકવા (Locomotor Disability or Cerebral Palsy)

(F) સા. શૈ. પ. વર્ગ ના ઉમેદવારોએ નાણાકીય વર્ષ : ૨૦૧૭-૨૦૧૮/૨૦૧૮-૨૦૧૯/૨૦૧૯-૨૦૨૦ ની આવકના આધારે રાજ્ય સરકારની નોકરી માટે કઢાવેલ નોન-ક્રીમીલેયર સર્ટીફીકેટ તા.૦૧/૦૪/૨૦૧૭ થી અરજી કરવાની છેલ્લી તારીખ સુધી મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતા હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગાનો લાભ મળશે.અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોધાવી શકશે. અને તે કિસ્સામાં વયમર્યાદામાંથી મુક્તિ તેમજ અનામત જગા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહિ.

(G) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરણીત મહિલા ઉમેદવારે આવું નોન ક્રીમિલેયર પ્રમાણપત્ર તેમના પિતાની આવકના સંદર્ભમાં ધરાવતાં હોવા જોઈએ. જો આવા ઉમેદવાર તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર ધરાવતા હશે તો ધ્યાને લેવામાં આવશે નહી.

(H) આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ નાણાકીય વર્ષ : ૨૦૧૮-૨૦૧૯/૨૦૧૯-૨૦૨૦ ની આવકના આધારે રાજ્ય સરકારની નોકરી માટે કઢાવેલ આર્થિક રીતે નબળા વર્ગ માટે પાત્રતા પ્રમાણપત્ર તા.૧૪/૦૧/૨૦૧૯ થી અરજી કરવાની છેલ્લી તારીખ સુધી મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતા હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ EWS કેટેગરીની અનામત જગાનો લાભ મળશે.અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોધાવી શકશે. અને તે કિસ્સામાં વયમર્યાદામાંથી મુક્તિ તેમજ અનામત જગા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહિ.

(I) સામાન્ય વહીવટ વિભાગ ના તા. ૦૧/૦૮/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨ માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મળેલ કુલ ગુણના ૫%(પાંચ ટકા) ગુણ ઉમેરી આપવામાં આવશે પરંતુ તેઓએ ભરતી તથા નિમણુંક સમયે પુન:લગ્ન કરેલ ન હોવા જોઈએ. ઉપરાંત, જામનગર મહાનગરપાલિકા માંગે ત્યારે તેના તમામ પુરાવા જામનગર મહાનગરપાલિકામાં અસલમાં રજુ કરવાના રહેશે.

(J) એથેલેટીક (ટ્રેક અને ફિલ્ડ રમતો સહીત) બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફૂટબોલ, હોકી, સ્વીમિંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનીસ, વેઇટલીફટીંગ, રેસલિંગ, બોકિસંગ, સાઈકલીંગ, જીમનેસ્ટીક, જુડો, રાઈફલ શુટીંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નોકાસ્પર્ધા, શતરંજ, હેન્ડ બોલની રમતો - ખેલકૂદમાં રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારતશાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધામાં માત્ર પ્રતિનિધીત્વ કરેલ હોય તેવા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા માટે તેમને મેળવેલ કુલ ગુણના ૫% (પાંચ ટકા) ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારે તા.૨૫/૦૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગર તથા તા.૦૧/૦૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગર માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમુનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર જામનગર મહાનગરપાલિકા માંગે ત્યારે રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ માટે હક્કદાર થશે.

(K) સ્પર્ધાત્મક પરીક્ષાના સ્થળે ઉમેદવારે પોતાના ખર્ચે હાજર થવાનું રહેશે.

(L) સ્પર્ધાત્મક પરીક્ષા માટેનું સ્થળ, સમય અને તારીખ જામનગર મહાનગરપાલિકા દ્વારા નિયત કરવામાં આવશે.

(M) અરજદારે ઓનલાઈન અરજી કરવાની રહેશે. ઓનલાઈન અરજી સાથે કોઈ પ્રમાણપત્રો કે દસ્તાવેજ સામેલ કરવાના રહેશે નહી.

(N) પસંદગી યાદીમાં સમાવિષ્ટ અને નિમણુંકને પાત્ર હોય તેવા ઉમેદવારોએ ઠરાવવામાં આવે તેવી શારિરીક યોગ્યતાની તબીબી તપાસ પસાર કરવાની રહેશે. આવી શારિરીક યોગ્યતાની તબીબી તપાસ પસાર ન કરનાર ઉમેદવાર નિમણુંકને પાત્ર બની શકશે નહી. આવા ઉમેદવારનું નામ પસંદગી યાદીમાંથી રદ કરવામાં આવશે.

**વધુ વિગતો માટે જૂઓ : https://ojas.gujarat.gov.in**

# ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિ.

## પરીક્ષાલક્ષી વિગતવાર જાહેરાત

ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી. ની વિવિધ સંવર્ગની જગ્યાઓ ૧૧ મહિનાના કરાર આધારિત અને કામગીરી સંતોષકારક જણાયે વધુમા વધુ ત્રણ વર્ષના નિયત સમય માટે ભરવા તા.૦૭/૦૪/૨૦૨૧ ના રોજ જાહેરાત આપવામાં આવી હતી. આ અંગેની વિગતો OJAS ની વેબસાઈટ http:/ojas.gujarat.gov.in/ ઉપર મુકવામાં આવી છે. જે અન્વયે ઉમેદવારે http:/ojas.gujarat.gov.in/ વેબસાઈટ પર તા.૦૮-૦૪-૨૦૨૧ (બપોરે ૧૨:૦૦ કલાકથી) થી તા. ૨૨-૦૪-૨૦૨૧ (સમય રાત્રીના ૨૩:૫૯ કલાક સુધી) દરમ્યાન અરજી કરવાની રહેશે. વિવિધ સંવર્ગની ભરવાની થતી જગ્યાઓમાં નીચે મુજબની જગ્યાઓ ભરવાની થાય છે. જેમાથી ૩૩% મહિલા અનામત જગ્યાઓ છે. જેની સંબંધિતોએ નોંધ લેવી.

| ક્રમ | જગ્યાનુ નામ | ખાલી જગ્યા ભરવાની વિગત | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | જનરલ | એસસી | એસટી | ઓબીસી | જનરલ (EWS) | કુલ |
| ૧ | એપીએમ-સ્ટેટ | ૬ | ૧ | ૨ | ૩ | ૧ | ૧૩ |
| ૨ | એપીએમ-ડીસ્ટ્રીક્ટ | ૨૪ | ૩ | ૯ | ૧૬ | ૬ | ૫૮ |
| ૩ | ટીએલએમ | ૩૬ | ૫ | ૯ | ૧૮ | ૭ | ૭૫ |
| ૪ | એપીએમ-તાલુકા | ૧૧૮ | ૧૬ | ૩૧ | ૫૯ | ૨૨ | ૨૪૬ |
| | કુલ | ૧૮૪ | ૨૫ | ૫૧ | ૯૬ | ૩૬ | ૩૯૨ |

ઉક્ત વિગતે ઓનલાઇન અરજી કરતા પહેલા તમામ ઉમેદવારોએ નીચે મુજબની વિગતો ધ્યાને લેવી.

1. **શૈક્ષણિક લાયકાત અને પાત્રતા:**

| Sr. No. | Post Name | Vacant Post | Qualification | Experience | Probation Period | Age Limit (As on Date 22/04/2021) | Salary | Fees |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Asst. Project Manager-State | 13 | PG or Master degree in Business Administration/ Social Work/ Social Science/ Sociology/ Agriculture/ Horticulture/ Animal Husbandry/ Rural Management | 3 Years and above relevant to post Exp. In Govt. sector(PSU), Social Sector will be preferred | 6 month | 30 years (Relaxable to 5 years for Reserved SC, ST, SEBC, EWS, FEMALE Category) | Up to 30000 | 300/ 150 |
| 2 | Asst. Project Manager-District | 58 | PG or Master degree in Business Administration/ Social Work/ Social Science/ Sociology/ Agriculture/ Horticulture/ Animal Husbandry/ Rural Management | | | | Up to 30000 | 300/ 150 |
| 3 | Taluka Livelihood Manager | 75 | PG or Master Degree in Social Work /Business Administration/ Rural Management | 3 Years in Rural Development/ Women Empowerment/ Micro finance/ Livelihoods/ Cottage promotion Programs Exp. In Govt. sector(PSU), Social Sector will be preferred | | | Up to 20000 | 300/ 150 |
| 4 | Asst. Project Manager-Taluka | 246 | Graduation in Social Work/ Business Administration/ Rural Science/ Rural Management/ Agriculture PG degree in Business Administration/ Social Work will be preferred | | | | Up to 15000 | 300/ 150 |
| Total | | 392 | | | | | | |

**રાષ્ટ્રીયતા:** ઉમેદવાર ભારતનો નાગરીક હોવો જોઇએ.

જાહેરાતમા દર્શાવેલ તમામ કેટેગરીના ઉમેદવારોના કિસ્સામા શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, સંબંધિત જાતિ પ્રમાણપત્રો, સામાજીક- શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારનુ નોન-ક્રીમીલીયર સર્ટીફીકેટ, આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટે પાત્રતા પ્રમાણપત્ર તથા અન્ય તમામ ડોક્યુમેંટસ સંસ્થા દ્વારા જે તારીખે રજુ કરવા જણાવવામા આવે તે તારીખની સ્થિતિએ સરકારશ્રીની પ્રવર્તમાન સુચનાઓના અનુસંધાને ધ્યાનમા લેવામા આવશે.

2. **પ્રવેશ પરીક્ષા ફી: (Non-Refundable):-**

- તમામ કેટેગરીના તમામ ઉમેદવારોએ પ્રવેશ પરીક્ષાની ફી ભરવી ફરજીયાત છે, અન્યથા પ્રવેશ પરીક્ષામા બેસી શકાશે નહી.
- પ્રવેશ પરીક્ષાની ફી http://ojas.gujarat.gov.in/ વેબસાઇટ પર ચલણની પ્રીન્ટ કાઢીને પોસ્ટ ઓફીસમા તા.૦૯-૦૪-૨૦૨૧ (બપોરે ૧૨:૦૦ કલાકથી) થી તા. ૨૩-૦૪-૨૦૨૧ (બપોરે ૩:૦૦ કલાક સુધી) સુધી ભરવાની રહેશે. અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામા આવશે નહી. જેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવી.
- સામાન્ય વર્ગ(General Category) ના ઉમેદવારોએ ફી પેટે રૂ.૩૦૦/- ભરવાના રહેશે.
- અન્ય.જાતિ(SC), અનુ,જન જાતિ(ST), સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો(SEBC), આર્થિક રીતે નબળા વર્ગો(EWS), મહિલાઓ(FEMALE) ઉમેદવારોએ પરીક્ષા ફી પેટે રૂ.૧૫૦/- ભરવાના રહેશે. પ્રવેશ પરીક્ષાની ફી Non-Refundable છે.
- પ્રવેશ પરીક્ષાની ફી ભરવા માટે ઉમેદવારે http://ojas.gujarat.gov.in/ વેબસાઇટ પર FEES મેનુમા જઇને Select job મા GLPC ની જાહેરાતનો ક્રમાક: પસંદ કરી પોતાનો કંફર્મેશન નંબર અને જન્મ તારીખની વિગતો નાખીને Print Post Office Chillan પર ક્લીક કરી પ્રીન્ટ કાઢીને તા.૨૩-૦૪-૨૦૨૧ (બપોરે ૩:૦૦ કલાક સુધી) સુધીમા પોસ્ટ ઓફીસમા ફી ભરવાની રહેશે. તેમજ ફી ભરેલ કોપી (ઉમેદવારની કોપી) પોતાની પાસે સાચવીને રાખવાની રહેશે.

૩. **પ્રવેશ પરીક્ષા:-**

A. પ્રથમ તબક્કો:- હેતુલક્ષી પ્રવેશ પરીક્ષા:

- ભરતી અંગેની હેતુલક્ષી પરીક્ષા ૧૦૦ ગુણની રહેશે. જેમાં ૫૦ ગુણ નાં ૫૦ પ્રશ્નો સામાન્ય જ્ઞાન, અંગ્રેજી જ્ઞાન, ગુજરાતી જ્ઞાન, તર્ક શક્તિની પરીક્ષાનાં પ્રશ્નો તથા ૫૦ ગુણ ગ્રામ વિકાસ વિભાગની યોજનાઓ અને ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી. ની યોજનાઓ વિશે પુછવામા આવશે.
- પ્રવેશ પરીક્ષા માટેનુ કેન્દ્ર - વિગતવાર કેંદ્રની જાણ પ્રવેશપત્ર/હોલટીકીટમા કરવામા આવશે.
- ઉક્ત પ્રશ્નપત્ર MCQ Based હેતુલક્ષી પ્રકારનુ રહેશે.
- ખોટા જવાબ બદલ અથવા એક પ્રશ્નના એક કરતા વધારે જવાબ બદલ પ્રશ્નના કુલ ગુણના ૩૩% ગુણ બાદ કરવામા આવશે.
- પ્રશ્નોના જવાબો અલગ આપેલ OMR Sheet પર જ લખવાના રહેશે. જવાબો બોલપેન (બ્લ્યુ /કાળી)થી આપવાના રહેશે. ઉમેદવારે પોતાની બોલપેન સાથે લઇને પરીક્ષાખંડમા ઉપસ્થિત રહેવાનુ રહેશે.
- હોલ ટીકીટ ડાઉનલોડ કરવા બાબત:- પ્રવેશ પરીક્ષા માટેની હોલટીકીટ ડાઉનલોડ કરવા માટે ન્યુઝ પેપરમા જાહેરાત આપવામા આવશે. ઉમેદવારોએ નિયમીત સમાચાર પત્ર અને http://ojas.gujarat.gov.in/ વેબસાઇટ જોતા રહેવાનુ રહેશે.

૫. સામાન્ય સુચનાઓ:

A. દરેક ઉમેદવારે પરીક્ષાકેન્દ્રમાં સરકારશ્રી દ્વારા જાહેર કરેલ, કોવિડ-૧૯ મહામારી અંગેની ગાઈડલાઈન અંતર્ગત ફરજિયાતપણે માસ્ક પહેરીને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવાનુ રહેશે. દરેક ઉમેદવારે પોતાના સ્વાસ્થ્યની ખાસ તકેદારી રાખીને પરીક્ષાકેન્દ્ર ખાતે આવવાનુ રહેશે.
B. હેતુલક્ષી પરીક્ષા માટે અરજદારે પ્રવેશ પરીક્ષા માટેના પ્રવેશપત્ર (Hall Ticket) http://ojas.gujarat.gov.in ની વેબસાઈટ પરથી નિયત સમયગાળા દરમ્યાન ડાઉનલોડ કરી શકાશે.
C. પ્રવેશપત્ર વગર પરીક્ષાખંડમાં પ્રવેશ આપવામાં આવશે નહી.
D. પરીક્ષા શરૂ થવાના ૩૦ મિનિટ પહેલાં ઉમેદવારે પોતાની બેઠક પર બેસી જવાનુ રહેશે.
E. ઉમેદવારના યોગ્ય કારણને ધ્યાને લઈ, પરીક્ષા શરૂ થાય તે પછી વધુમાં વધુ ૨૦ મિનિટ સુધી જ પરીક્ષાખંડમાં પ્રવેશ મળી શકશે. પરંતુ તે બદલ વધારાનો સમય આપવામાં આવશે નહી.
F. ઉમેદવાર પોતાની સાથે પરીક્ષા ખંડમાં કેલક્યુલેટર, મોબાઈલ વગેરે જેવા કોઈપણ ઈલેકટ્રીક સાધનો, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલું કે હસ્તલિખિત સાહિત્ય રાખી શકશે નહી.
G. અનઅધિકૃત પુસ્તક, પેપર, લેખમાંથી કે અન્ય ઉમેદવારોમાંથી નકલ કરવી નહીં, કે નકલ કરવા માટે પ્રયાસો કરવા નહી. તેમજ તમારા પેપરમાંથી અન્ય ઉમેદવારોને નકલ કરવા દેવી નહી. આ સુચનાના ભંગ બદલ ઉમેદવારને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.
H. પરીક્ષા શરૂ થયા બાદ તે પૂર્ણ થાય ત્યાં સુધી પરીક્ષા ખંડ છોડવા દેવામાં આવશે નહી.
I. પરીક્ષા પૂર્ણ થવા માટેનો બેલ વાગ્યાથી તુરત OMR Sheet નિરીક્ષકને સોંપી દેવી.
J. પ્રથમ તબક્કા(હેતુલક્ષી પરીક્ષા) ના સફળ ઉમેદવારોને દ્વિતિયતબક્કા (ગ્રુપ ડીસ્કશન) માટે તથા તૃતીય તબક્કા પર્સનલ ઇન્ટરવ્યુ માટે SMS/E-Mail/ Telephonic અથવા Website પર લીસ્ટ મુકી જાણ કરવામા આવશે. અને ત્રણેય તબક્કાના સંયુકત ગુણના આધારે તૈયાર થનાર અંતિમ પરીણામની જાણ ઉમેદવારોને વેબસાઈટ www.glpc.co.in પર માહિતી મુકી જાણ કરવામાં આવશે.

# ગુજરાતમાં 'શારદા' માસિક દ્વારા કોણે લોકકથાઓ આપી ?

1. **જર્મનીમાં 'હિન્દ રાષ્ટ્રીય સ્વયંસેવક દળ'ની રચના કોણે કરી હતી ?**
(૧) રામમનોહર લોહિયા (૨) મૌલાના બશીર
(૩) ચંપક રમણ પિલ્લાઈ (૪) ડૉ. મથુરસિંહ

2. **ભારતની આઝાદીની ચળવળ દરમિયાન અફઘાનિસ્તાનમાં કોના 'રાષ્ટ્રીય પ્રમુખ' પદે કામચલાઉ સ્વતંત્ર સરકારની રચના કરાઈ હતી?**
(૧) રાજા મહેન્દ્ર પ્રતાપ (૨) સોહનલાલ પાઠક
(૩) બરકતુલ્લા (૪) મૌલાના બશીર

3. **૧૬ ઓક્ટોબર, ૧૯૦૫ના રોજ બંગાળના ભાગલાનો અમલ કરાયો તે દિવસ ....... તરીકે મનાવાયો હતો.**
(૧) રાષ્ટ્રીય શોક દિન (૨) બંગભંગ દિન
(૩) બંગાળ એકતા દિન (૪) બંગભંગ વિરોધ દિન

4. **આઝાદી પૂર્વે નીચે પૈકીના ક્યા સુધારાએ મુસ્લિમોને કોમી મતદાર મંડળ આપ્યાં?**
(૧) મૉન્ટ-ફર્ડ (૨) ઈલ્બર્ટ બિલ
(૩) ઑગસ્ટ ઑફર (૪) મોર્લે-મિન્ટો

5. **૧૨મી માર્ચે સાબરમતી આશ્રમથી મહાત્મા ગાંધીજી એ જગપ્રસિદ્ધ દાંડીયાત્રા શરૂ કરી તેઓ ...... દિવસની પદયાત્રા બાદ દાંડી પહોંચ્યા હતાં.**
(૧) ૨૧ (૨) ૨૨ (૩) ૨૩ (૪) ૨૪

6. **મહાત્મા ગાંધીજીએ દાંડીના દરિયાકિનારે જામેલા મીઠામાંથી મુઠ્ઠી મીઠું લઇ મીઠાનો અન્યાયી કાયદો તોડ્યો. એ ક્યો દિવસ હતો?**
(૧) ૨ એપ્રિલ, ૧૯૩૦ (૨) ૩ એપ્રિલ, ૧૯૩૦
(૩) ૫ એપ્રિલ, ૧૯૩૦ (૪) ૬ એપ્રિલ, ૧૯૩૦

7. **મહાત્મા ગાંધીજીની દાંડીકૂચને કોણે 'મહાભિનિષ્ક્રમણ' સાથે સરખાવી હતી?**
(૧) સુભાષચંદ્ર બોઝ (૨) મહાદેવભાઈ દેસાઈ
(૩) નારાયણ દેસાઈ (૪) મીરાબહેન

8. **નેતાજી સુભાષચંદ્ર બોઝનો જન્મ ક્યાં થયો હતો?**
(૧) કલકત્તા (૨) કટક (૩) ખડગપુર (૪) હાવડા

9. **સંયુક્ત રાષ્ટ્રોના ખતપત્રનો આરંભ .........થી થાય છે.**
(૧) ઘોષણાપત્ર (૨) આમુખ (૩) માનવહકો (૪) બંધારણ

10. **બ્રિટિશ પાર્લમેન્ટે હિંદ સ્વાતંત્ર્ય ધારો ...........ના રોજ પસાર કર્યો હતો.**
(૧) જાન્યુઆરી ૧૯૪૭ (૨) જુલાઈ ૧૯૪૬
(૩) જૂન ૧૯૪૬ (૪) જુલાઈ ૧૯૪૭

11. **આઝાદી વખતે ભારતમાં દેશી રાજ્યો - રિયાસતોની સંખ્યા કેટલી હતી?**
(૧) ૫૫૦ (૨) ૫૭૦ (૩) ૫૬૨ (૪) ૫૬૦

12. **આઝાદી વખતે સ્વતંત્ર ભારતના કુલ ક્ષેત્રફળ પૈકીનું કેટલું ક્ષેત્રફળ દેશી રાજ્યોનું હતું?**
(૧) ૬૦ ટકા (૨) ૪૦ ટકા (૩) ૪૮ ટકા (૪) ૫૬ ટકા

13. **દેશને આઝાદી પ્રાપ્ત થયા પછી સૌ પ્રથમ ભાવનગર રજવાડાના મહારાજા .............એ ભાવનગરમાં 'જવાબદાર સરકાર'નો શુભારંભ કર્યો.**
(૧) કૃષ્ણકુમારસિંહજી (૨) વિરભદ્રસિંહજી
(૩) ભાવસિંહજી દ્વિતીય (૪) તખતસિંહજી

14. **બાહ્ય અવકાશમાં ઉપગ્રહો છોડવા માટે GSLVનો ઉપયોગ થાય છે. GSLVનું પૂરું નામ જણાવો.**
(૧) Geosynchronous Satellite Launch Vehicle
(૨) Geo-Synthesis Satellite Launch Vehicle
(૩) Geosynchronous Super Launch Vehicle
(૪) Geographic Satellite Launch Vehicle

15. **આંધ્રપ્રદેશમાંથી નીચે પૈકીનું ક્યું રાજ્ય અલગ પડ્યું?**
(૧) ઉત્તરાખંડ (૨) છત્તીસગઢ (૩) કેરળ (૪) તેલંગાણા

16. **ઝારખંડ રાજ્ય નીચે પૈકીના ક્યા રાજ્યમાંથી અલગ થયું?**
(૧) છત્તીસગઢ (૨) બિહાર
(૩) મધ્યપ્રદેશ (૪) ઉત્તરપ્રદેશ

17. **ભારતની બંધારણ સભામાં કુલ કેટલા સભ્યો હતા?**
(૧) ૩૭૫ (૨) ૩૭૬ (૩) ૩૮૦ (૪) ૩૮૫

18. **બંધારણ સભાએ તેની કામગીરી ક્યારથી શરૂ કરી હતી?**
(૧) ૧૧ નવેમ્બર, ૧૯૪૬ (૨) ૨૬ જાન્યુઆરી, ૧૯૪૬
(૩) ૧૫ નવેમ્બર, ૧૯૪૬ (૪) ૯ ડિસેમ્બર, ૧૯૪૬

19. **બંધારણ સભાએ બે વર્ષ, ૧૧ માસ અને ૧૮ દિવસમાં મળેલી કુલ ....... બેઠકોમાં કામગીરી પૂર્ણ કરી હતી.**
(૧) ૩૪ (૨) ૧૦૨ (૩) ૧૬૬ (૪) ૧૫૦

20. **ભારતના બંધારણમાં કોને આખરી સાર્વભૌમ સત્તા આપવામાં આવી છે?**
(૧) રાષ્ટ્રપતિ (૨) લોકસભા
(૩) કેન્દ્રીય મંત્રીમંડળ (૪) ભારતના લોકો

21. **તાલુકા પંચાયતની વહીવટી પાંખના વડા નીચે પૈકી કોણ હોય છે?**
(૧) ટીડીઓ (૨) ડીડીઓ
(૩) તાલુકા પંચાયત પ્રમુખ (૪) તલાટી-કમ-મંત્રી

22. **હોદ્દાની રૂએ રાજ્યમાં આવેલી યુનિવર્સિટીઓના કુલાધિપતિ (ચાન્સેલર) કોણ હોય છે?**
(૧) રાષ્ટ્રપતિશ્રી (૨) શિક્ષણ અગ્રસચિવ
(૩) રાજ્યપાલશ્રી (૪) શિક્ષણ મંત્રીશ્રી

23. **રાજ્યની વડી અદાલતના ન્યાયાધીશોની નિમણૂક રાષ્ટ્રપતિ ......... સાથે ચર્ચા-વિમર્શ કરીને કરે છે.**
(૧) મુખ્યમંત્રીશ્રી (૨) રાજ્યના કાયદા મંત્રીશ્રી
(૩) રાજ્યપાલશ્રી (૪) વડાપ્રધાનશ્રી

24. **રાજ્યપાલ વિધાનસભામાં બહુમતી પક્ષના નેતાની નિમણૂક ............ તરીકે કરે છે.**
(૧) મુખ્યમંત્રી (૨) વિપક્ષ નેતા
(૩) પ્રોટેમ સ્પીકર (૪) આ પૈકી કોઇ નહીં

**જનરલ નોલેજ ક્વીઝ કોર્નર**

25. **ગુજરાતના મુખ્યમંત્રીનું કાર્યાલય નવા સચિવાલયમાં ક્યાં છે?**
(૧) બ્લોક ૧ (૨) સ્વર્ણિમ સંકુલ-૧
(૩) મંત્રી આવાસ (૪) સ્વર્ણિમ સંકુલ-૨

26. **સરપંચની સર્વસામાન્ય પસંદગી થાય તેને .......... તરીકે જાહેર કરીને વિશેષ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવે છે.**
(૧) સરસ ગ્રામ (૨) સંતુલિત ગ્રામ
(૩) સમરસ ગ્રામ (૪) પંચાયતી ગ્રામ

27. **જિલ્લા પંચાયતના વહીવટી વડા કોણ હોય છે?**
(૧) જિલ્લા વિકાસ અધિકારી (૨) કલેક્ટર
(૩) ટીડીઓ (૪) જિલ્લા પંચાયત પ્રમુખ

28. **નીચે પૈકીની કઈ અદાલત નઝીરી અદાલત (કોર્ટ ઓફ રેકોર્ડ્સ)નું સ્થાન ધરાવે છે?**
(૧) મેટ્રોપોલિટન કોર્ટ (૨) સિટી સિવિલ ઍન્ડ સેશન્સ કોર્ટ
(૩) ડિસ્ટ્રિક્ટ કોર્ટ (૪) હાઈકોર્ટ

29. **આસામ, મણિપુર, મેઘાલય, નાગાલેન્ડ, ત્રિપુરા, મિઝોરમ અને અરૂણાચલ પ્રદેશ રાજ્યો કઇ વડી અદાલતની હકૂમત હેઠળ આવે છે?**
(૧) મિઝોરમ હાઈકોર્ટ (૨) ત્રિપુરા હાઈકોર્ટ
(૩) આસામ હાઈકોર્ટ (૪) નાગાલૅન્ડ હાઈકોર્ટ

30. **જિલ્લા ન્યાયાધીશ તરીકે નિમણૂક પામનાર વ્યક્તિ પાસે ઓછામાં ઓછો ....... વર્ષ વકીલાત કર્યાનો અનુભવ હોવો જોઇએ.**
(૧) ૭ (૨) ૧૦ (૩) ૫ (૪) ૮

31. **તાજેતરમાં બાંગ્લાદેશે પોતાની આઝાદીના કેટલાં વર્ષ કેટલા વર્ષ પૂર્ણ થતાં સ્વયતંત્ર દિવસની ઊજવણી કરી?**
(૧) ૫૫ (૨) ૫૦ (૩) ૫૨ (૪) ૪૫

32. **હાલમાં ક્યા દેશે શાહિન -1A મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું છે ?**
(૧) નેપાળ (૨) પાકિસ્તાઈન
(૩) અફઘાનિસ્તાવન (૪) આમાંથી કોઈ નહી

33. **વસ્તીની દૃષ્ટિએ ગુજરાતનું ભારતમાં કેટલામું સ્થાન છે?**
(૧) આઠમું (૨) સાતમું
(૩) નવમું (૪) દશમું

34. **'હિન્દુસ્તાન મધ્યેનું એક ઝુંપડું' કૃતિ કોની છે ?**
(૧) ગોવર્ધનરામ (૨) રમણભાઈ નીલકંઠ
(૩) મહાત્મા ગાંધી (૪) સોરાબશા દાદાભાઈ

35. **ગુજરાતમાં 'શારદા' માસિક દ્વારા કોણે લોકકથાઓ આપી ?**
(૧) ઝવેરચંદ મેઘાણી (૨) ખોડીદાસ પરમાર
(૩) પુસ્કર ચંદરવાકર (૪) ગોકુળદાસ રાયચુરા

36. **મૂળભુત અધિકારોનો ખ્યાલ ક્યા દેશના બંધારણમાંથી લેવાયા છે ?**
(૧) કેનેડા (૨) યુએસએ (૩) જર્મની (૪) રશિયા

37. **બંધારણમાં સુધારાની જોગવાઈ ક્યા દેશના બંધારણમાંથી લેવાઈ છે ?**
(૧) દ.આફ્રિકા (૨) યુએસએ (૩) ફ્રાન્સ (૪) રશિયા

38. **મધમાખી ઉછેર અને મધ ઉત્પાદનને શું કહે છે ?**
(૧) સેરીકલ્ચર (૨) એપી કલ્ચર
(૩) ઓલ કલ્ચર (૪) વીડી કલ્ચર

39. **ગુજરાતના પ્રખ્યાત રસાયણશાસ્ત્રી કોણ ?**
(૧) ત્રિભુવનદાસ ગજ્જર (૨) પ્રફુલચંદ્ર રોય
(૩) શિશિરકુમાર મિત્રા (૪) ડાં. આત્મારામ

40. **પ્રોટીનની ઊણપથી થતો રોગ ક્યો છે ?**
(૧) મરાસ્મસ (૨) ક્વોશિયોરકોર
(૩) રિકેટસ (૪) ૧ અને ૨ બંને

41. **જીવનરક્ષક બીસીજીની રસીના શોધક કોણ છે ?**
(૧) કાલમેટ ગ્યુરિન (૨) લુઈસ પાશ્ચર
(૩) પૌલ મ્યુલર (૪) રોબર્ટ કોચ

42. **સ્ટેચ્યુ ઓફ યુનિટીની ડિઝાઈન કોણે બનાવી છે ?**
(૧) બાલકૃષ્ણ દોશી (૨) જતીન દાસ
(૩) રામ સુથાર (૪) અનિલ નાઈક

43. **'વેડછીનો વડલો' તરીકે કોને સંબોધવામાં આવતા?**
(૧) જુગતરામ દવે (૨) જે.બી. કૃપલાણી
(૩) ઠક્કર બાપા (૪) બકુલ મહેતા

44. **ચિત્રંજનદાસ અને મોતીલાલ નહેરુ દ્વારા કઈ પાર્ટી શરુ કરાઈ હતી ?**
(૧) ગદર પાર્ટી (૨) સ્વરાજ પાર્ટી
(૩) આઝાદ પાર્ટી (૪) સ્વતંત્ર પાર્ટી

45. **બંધારણની કઈ અનુસૂચિમાં મેઘાલય, આસામ, ત્રિપુરા, મિઝોરમ રાજ્યના આદિવાસી વિસ્તારોના વહિવટ માટેની જોગવાઈ છે?**
(૧) અનુસૂચિ ૫ (૨) અનુસૂચિ ૭
(૩) અનુસૂચિ ૬ (૪) અનુસૂચિ ૨

46. **ગુજરાતમાં ઉજવાતા મેળાઓમાંથી 'રૂપના મેળા' તરીકે ક્યા મેળાને ઓળખવામાં આવે છે ?**
(૧) માધવપુરનો મેળો (૨) તરણેતરનો મેળો
(૩) નકલંકનો મેળો (૪) ભવનાથનો મેળો

47. **ગુજરાતની ઓળખાતી ચિત્રકલામાં 'કામાંગીરી' શૈલીના ચિત્ર ક્યા જિલ્લા સાથે સંકળાયેલા છે ?**
(૧) છોટા ઉદેપુર (૨) કચ્છ (૩) ડાંગ (૪) જૂનાગઢ

48. **ગુજરાતના ડાંગ જિલ્લાની ખૂબ જાણીતી ચિત્રકલા 'વારલી'ને અન્ય બીજા ક્યા નામથી પણ ઓળખવામાં આવે છે ?**
(૧) પોથીકલા (૨) પીઠોરા (૩) કાચકલા (૪) પચવી

49. **ગુજરાતના સાંસ્કૃતિક વારસાના સંદર્ભમાં 'ચિતારા' એટલે કોણ થાય ?**
(૧) ગાયક (૨) ચિત્રકાર (૩) સંગીતકાર (૪) કવિ

50. **'વારલી' ચિત્રકલામાં 'વારલી'નો અર્થ સ્થાનિક ભાષા પ્રમાણે શું થાય છે ?**
(૧) દીવાલને ગેરુ વડે તૈયાર કરનાર (૨) લીંપણ કરનાર
(૩) ખેતરનો ખેડનાર (૪) ગીત ગાનાર

**જવાબો :**

**(૧) ૩ (૨) ૧ (૩) ૧ (૪) ૪ (૫) ૪ (૬) ૪ (૭) ૨ (૮) ૨ (૯) ૨ (૧૦) ૪ (૧૧) ૩ (૧૨) ૩ (૧૩) ૧ (૧૪) ૧ (૧૫) ૪ (૧૬) ૨ (૧૭) ૪ (૧૮) ૪ (૧૯) ૩ (૨૦) ૪ (૨૧) ૧ (૨૨) ૩ (૨૩) ૩ (૨૪) ૧ (૨૫) ૨ (૨૬) ૩ (૨૭) ૧ (૨૮) ૪ (૨૯) ૩ (૩૦) ૧ (૩૧) ૨ (૩૨) ૨ (૩૩) ૩ (૩૪) ૪ (૩૫) ૪ (૩૬) ૨ (૩૭) ૧ (૩૮) ૨ (૩૯) ૧ (૪૦) ૪ (૪૧) ૧ (૪૨) ૩ (૪૩) ૧ (૪૪) ૨ (૪૫) ૩ (૪૬) ૧ (૪૭) ૨ (૪૮) ૪ (૪૯) ૨ (૫૦) ૩**

## બોરસદ નગરપાલિકા, બોરસદ :
## સફાઈ કામદારની ભરતી

બોરસદ નગરપાલિકામાં નીચે મુજબની જગ્યાઓ સરકારશ્રીના પ્રવર્તમાન ધારા ધોરણ અને સરકારશ્રીની મંજુરી મુજબની શરતોને આધીન ૫ (પાંચ) વર્ષ સુધી ફિક્સ પગારથી સીધી ભરતીથી ભરવા માટે જરૂરી લાયકાત તથા અનુભવ તથા શારીરિક ક્ષમતા ધરાવતા ઉમેદવારોની નિમણુંક કરવાની થતી હોઇ નીચે જણાવેલ જગ્યાઓ માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

| જગ્યાનું નામ | કુલ સંખ્યા | કુલ જગ્યાઓ પૈકી અનામત | | | | |
|---|---|---|---|---|---|---|
| | | બિન અનામત | આ.ન.વ. | શા. શૈ. પ. વ. | અ.જા. | અ.જ.જા. |
| સફાઈ કામદાર | ૨૪ | ૧૧ | ૨ | ૬ | ૧ | ૪ |
| | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહીલાઓ માટે અનામત જગ્યા | | | | |
| | | બિન અનામત | આ.ન.વ. | શા.શૈ. પ.વ. | અ.જા. | અ.જ.જા. |
| | | ૩ | ૦ | ૨ | ૦ | ૧ |

**શરતો :**

૧ શૈક્ષણિક લાયકાત : લખી વાંચી શકે તેવા

૨ પ્રથમ પાંચ વર્ષ માટે સરકારશ્રીના નિયમ મુજબ માસિક ફિક્સ વેતન ચુકવવામાં આવશે. ત્યાર બાદ સંતોષકારક સેવા જણાયે થી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમ અનુસાર નિયમિત પગાર ધોરણમાં સમાવેશ કરવામાં આવશે./ આ જગ્યાઓ નું વેતન સરકારશ્રીના પ્રવર્તમાન નિયમ અનુસાર આ નગરપાલિકામાં અમલી પગારપંચ મુજબના માસિક ફિક્સ પગાર પ્રમાણે ચૂકવામાં આવશે.

૩ ઉપરોક્ત જગ્યાઓ માટેની અરજી ૫/૪/૨૦૨૧ થી ૪/૫/૨૦૨૧ સુધીમાં મળી રહે તે મુજબ ચીફ ઓફિસરશ્રી,બોરસદ નગરપાલિકા તા.જી.આણંદ ખાતે ફક્ત રજીસ્ટર પોસ્ટ થી અગર સ્પીડ પોસ્ટથી અથવા કુરીઅર મારફતે મોકલી આપવાની રહેશે.તથા અરજી ફોર્મ નગરપાલિકાના મહેકમ શાખામાંથી ઓફીસ સમય દરમિયાન મેળવી શકાશે.અને તેમજ તેજ અરજી અત્રેની કચેરીએ જમા કરાવવાની રહેશે.તેમજ ઉમેદવારે કઈ કેટેગરીમાં અરજી કરી છે તે અરજી માં સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

૪ અરજદારે અરજી સાથે તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો ફોટો નં.૧/શાળા છોડ્યાનું પ્રમાણપત્ર/જન્મ પ્રમાણપત્ર/ શૈક્ષણીક લાયકાતની સ્વ-પ્રમાણિત નકલ તથા અરજીમાં માંગવામાં આવેલ પુરાવાઓ રજુ કરવાના રહેશે.અનામત વર્ગના ઉમેદવારે જાતિ અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે અને ખોટા આધાર પુરાવા સામેલ રાખનાર સામે ફોજદારી રાહે કાર્યવાહી કરવામાં આવશે અને તેવા ઉમેદવારોની અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.

૫ સામાન્ય અરજદારની વય મર્યાદા ૧૮ વર્ષ થી ૩૩ વર્ષ સુધી રહેશે.જેમાં એસ.ટી./ એસ.સી./ઓ.બી.સી./ તથા સ્ત્રી ઉમેદવારો વિગેરેને સરકારશ્રીના પ્રવર્તમાન નિયામોનુસાર છૂટછાટ મળવાપાત્ર રહેશે તથા જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી વયમર્યાદા ગણવાની રહેશે. પરંતુ તમામ પ્રકારની છૂટછાટની ગણતરી કરતા ઉમર ૪૫ વર્ષથી વધારે હોવી જોઈએ નહી.

૬ નિયામકશ્રી નગરપાલિકાની કચેરી,ગાંધીનગરના પરીપત્ર ક્રમાંક: નપાનિ/ યુ-૧/ વશી/૪૦૩૫/૨૦૦૪ તા.૦૩/૦૮/૨૦૦૪ મુજબ સરકારશ્રીએ નકકી કરેલ શરતો અન્વયે તેમજ અમરેલી નગરપાલિકાના સ્પે.સી.એ.નં./૫૭૪૬/ ૧૯૯૯ માં ચુકાદાને આધીન નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓને જો યોગ્ય લાયકાત ધરાવતા હશે તેઓને પ્રથમ પસંદગી આપવામાં આવશે અને તેઓને વયમર્યાદા લાગુ પડશે નહી પરંતુ તેમણે પણ જન્મ તારીખનું પ્રમાણપત્ર અરજી સાથે ફરજીયાત જોડવાનું રહેશે.

૭ અરજી ચકાસણી પછી યોગ્યતા ધરાવતા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે અલગથી જાણ કરવામાં આવશે.

૮ અરજી સાથે ઉમેદવારે રૂ.૩૦૦/- ફી પેટે ડીમાન્ડ ડ્રાફ્ટ કે પોસ્ટલ ઓર્ડર ચીફ ઓફિસર,બોરસદ નગર પાલિકાના નામથી આપવાનો રહેશે.નિયત ફી સિવાયની અરજી ધ્યાને લેવાની રહેશે નહી.અનામત વર્ગના ઉમેદવારો પાસેથી કોઈ ફી લેવાની રહેશે નહી.પરંતુ અરજી સાથે પછાત વર્ગ કે અનુ.જાતિ કે જન.જાતિ નું સક્ષમ ઓથોરીટીનું સર્ટિફિકેટ મેળવવાનું રહેશે.

૯ આ જાહેરાત તથા સમગ્ર ભરતી પ્રકિયામાં કોઈપણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાની તથા પસંદગી કરવી કે ન કરવી તે અંગે નગરપાલિકાની પસંદગી સમિતિ આ માટે કોઈ કારણો આપવા માટે બંધાયેલ રહેશે નહી.

૧૦ આ જગ્યાઓ પ્રવર્તમાન રોસ્ટર રજીસ્ટરને ધ્યાને લઈને ભરવામાં આવશે.

૧૧ અધુરી વિગત દર્શાવતી કે સમયમર્યાદા બહાર મળેલ અરજીઓ તેમજ આ જાહેર નિવિદાની પ્રસિધ્ધિ પહેલા બોરસદ નગરપાલિકામાં આપેલ અરજીઓ રદ ગણીને તેને ધ્યાને લેવામાં આવશે નહી.ઈચ્છુક ઉમેદવારોએ નવેસરથી અને મુદતમાં અરજી કરવાની રહેશે.

૧૨ અરજીઓ મંજુર કે નામંજૂર કરવાની સત્તા બોરસદ નગરપાલિકાની રહેશે.જેની તમામ હિત સંબંધ ધરાવનારાઓએ નોંધ લેવી.

# કલોલ નગરપાલિકા
## તા. કલોલ, જિલ્લો : ગાંધીનગર

રાજયની નગરપાલિકાઓમાં મંજૂર થયેલ મહેકમ પૈકી સફાઇ કામદારોની ખાલી પડેલ જગ્યાઓ ભરવા બાબતે નિયામકશ્રી, નગરપાલિકાઓની કચેરી, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક:નપાનિ/મહેકમ-૧/સફાઇ કામદાર ભરતી/ફા.નં.૧૪૪૧/૨૦૧૭, તા.૨૩/૧૦/૨૦૧૭ તેમજ કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલીટી એડમીનીસ્ટ્રેશનની કચેરી, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક:નં.કમિ.મ્યુનિ.એડી/મહેકમ-૧/સફાઇ કામદાર ભરતી/ ફા.નં.૧૪૪૧/૨૦૧૮/૧૭૮૧૯, તા.૧૮/૧૨/૨૦૨૦ થી ભરતી કરવા અંગેની મળેલ મંજુરીના અનુસંધાને સફાઈ કામદારોની મંજુર થયેલ કુલ જગ્યાઓ પૈકી ૫૦% મુજબની ૧૪-.જગ્યાઓ ભરવાની થાય છે. જે માટે ૫ વર્ષ સુધી ફીકસ પગારના અજમાયશી તરીકે સીધી ભરતીથી યોગ્ય લાયકાત ધરાવનારાઓ પાસેથી ફક્ત આર.પી.એ.ડી/સ્પીડ પોસ્ટ દ્વારા અરજીઓ મંગાવવામાં આવે છે.

**જગ્યાનું નામ :- સફાઇ કામદાર**
**લાયકાત :- લખી વાંચી શકે તેવા**

| કુલ જગ્યા | બિન અનામત | | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | | અનુસુચિત જાતિ | |
|---|---|---|---|---|---|---|
| ૧૪ | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા |
| | ૦૫ | ૦૨ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૦ |

| અનુસુચિત જનજાતિ | | આર્થીક રીતે નબળા વર્ગો (EWS) | | કુલ જગ્યા પૈકી વિકલાંગ ઉમેદવારો |
|---|---|---|---|---|
| સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | |
| ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | |

- અરજી ફોર્મ નગરપાલિકા કચેરી ખાતેથી જાહેરાત પ્રસિધ્ધ થયેથી તા.૦૩-૦૫-૨૦૨૧. સુધીમાં કચેરી સમય દરમ્યાન વિનામુલ્યે મેળવી શકાશે. જે તા.૦૩-૦૫-૨૦૨૧ ના રોજ સાંજે ૫:૦૦ કલાક સુધી ફક્ત આર.પી.એ.ડીથી કલોલ નગરપાલિકા કચેરી તા.કલોલ., જી.ગાંધીનગર. ને મોકલી આપવાની રહેશે.
- અરજી સાથે તાજેતરમાં પડાયેલ પાસપોર્ટ સાઇઝનો ફોટો નંગ-૧,પછાત વર્ગ કે અનુ.જાતિ કે જન જાતિનું તથા આર્થિક પછાત અંગેનું સક્ષમ ઓથોરીટીનું સર્ટીફીકેટ જોડવાનું રહેશે.
- અરજી સાથે જન્મનું પ્રમાણપત્ર કે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અવશ્ય જોડવાનું રહેશે.
- ઉમેદવારોએ કઇ કેટેગરીમાં અરજી કરી છે તે અરજીમાં સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.
- સામાન્ય અરજદારની વયમર્યાદા ૧૮ થી ૩૩ વર્ષ સુધીની રહેશે જેમાં એસ.સી/ એસ.ટી./ઓ.બી.સી તથા સ્ત્રી ઉમેદવારોને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર છુટછાટ મળવા પાત્ર રહેશે. ઉપલી વયમર્યાદાની ગણતરી માટે જાહેરાતની તારીખ ધ્યાને લેવાની રહેશે. તેમજ નગરપાલિકામાં ફરજ બજાવતાં રોજમદાર કર્મચારીઓને ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહી.
- સમયમર્યાદા બહાર કે અધુરી વિગત દર્શાવેલ અરજી તેમજ આ જાહેરાત અગાઉ અપાયેલ અરજી રદ બાતલ ગણવામાં આવશે. જે અંગે અત્રેથી કોઇ જાણ કરવામાં આવશે નહીં.
- સફાઇકામદારની ભરતી માટે આવેલ અરજીઓ પૈકી માન્ય લાયકાત ધરાવતા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવશે અને તે મુજબ ભરતી કરવામાં આવશે.
- આ જગ્યાઓ પ્રવર્તમાન રોસ્ટર રજીસ્ટરને ધ્યાને લઇને ભરવામાં આવશે.
- આ જગ્યાઓનું વેતન સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર આ નગરપાલિકામાં અમલી પગાર પંચ મુજબના માસિક ફિક્સ પગાર પ્રમાણે અજમાયશી ૫ વર્ષ સુધી ચુકવવામાં આવશે. ૫ વર્ષ દરમ્યાન સંતોષકારક કામગીરી જણાયેથી ૫ વર્ષ પૂર્ણ થયેથી નિયમિત નિમણૂકના ઓર્ડર કરવામાં આવશે.
- વિકલાંગની જગ્યા માટે વિકલાંગતાનો પ્રકારVH, HH, OH રહેશે.
- અરજીઓ મંજુર કે નામંજુર કરવાની તેમજ આપેલ જાહેરાત સંદર્ભે અનિવાર્ય સંજોગામાં ફેરફાર કરવાની અબાધિત સત્તા પસંદગી સમિતિની રહેશે.

Editor and Published by Ashok Kalariya (Director of Information) on behalf of Directorate of Information. Block No. 19/1, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. Printed by Government Central Press, Nr. Gh-7 Circle, Sector-29, Gandhinagar-382029.